# Fun with Family

Day-28 | 26 April, 2020




स्वामिनारायण
BAPS

## “FWF Song”



વાત એક છે બહુ જ ખાસ જી, કાન ધરીને સાંભળો ભાઈ.
જેવું વાવો તેવું લણો ને, જેવું કરો તેવું પામો ભાઈ.
માટે સમજો જરા વાતને, ભલાઈ છે ઘેર રહેવામાં ભાઈ.
ઘરમાં રહો ને આનંદ કરો, Fun With Family ના સંગે ભાઈ...




## “મહામંત્ર લેખન”

બાળમિત્રો, આ મુશ્કેલીમાંથી ભગવાન આપણી
રક્ષા કરે તે માટે આજે આખા
પરિવારે સભ્યદીઠ
૧૦૧ વાર ‘સ્વામિનારાયણ’
મહામંત્રનું લેખન કરવાનું છે...

## “Hurray... QUIZ”

Ready... Steady... Press...

- https://bit.ly/352MHpN | Guj.
- https://bit.ly/2xNhDhD | Hin.
- https://bit.ly/2VzIbfg | Eng.



## "મમ્મીને મદદ"



Friends, આજે ઘરમાં જેટલા દીવા, આરતી, ઘંટડી, અગરબત્તીના સ્ટેન્ડ, ઘંટ, મંજીરા હોય તે બધા જ ઘસીને ચમકાવવાના છે... ચાલો, જલ્દી જલ્દી મમ્મીને પૂછો કે કઈ રીતે સાફ કરાય... ??...




## "Meeting With Daddy"

આજે પપ્પાની સાથે Meeting કરીશું... અને બેંકની Cheque-book ની Details જાણીશું... Cheque કેવી રીતે ભરાય તે પણ શીખીશું... અને એક કાગળમાંથી Cheque બનાવી, તેમાં મોટી રકમ લખી, આપણી સહી કરી, પપ્પાને ભેટ આપીશું...

## "સુશોભન"

ચાલો, ઘરની શોભા વધારીએ... ઘરની શોભા વધારવા માટે એકદમ સરળ અને સુંદર 'Showpiece' બનાવતા શીખીએ... લીંક દબાવો અને શીખો... બાળમિત્રો, એકદમ મસ્ત બનાવજો... OK...

https://bit.ly/3aCEkSX



## “ગુણપેટી”

મિત્રો, આપણી ગુણપેટી રાહ જોઈ રહી છે...!!
ચાલો, આજે આપણી બાજુમાં રહેતા Family ના દરેક સભ્યોના ગુણ આખો પરિવાર મળી લખીશું અને સમૂહમાં તેનું વાંચન કરીશું... પછી ચિઠ્ઠી ‘ગુણપેટી’ માં રાખવાનું ભૂલતા નહિ...






## “ધ્યાનથી વાંચો”

આજથી આપણે વાંચનની ટેવ પાડવાની છે...
ચાલો, આજે કોઈપણ એક સત્સંગનું પુસ્તક લઈશું અને તેના પાંચ પેજનું વાંચન કરીશું... પણ શાંત જગ્યા પર બેસીને... અને વાંચન થઈ ગયા બાદ તેમાં શું આવ્યું તે મમ્મી/પપ્પાને કહીશું...

## “Family Alien”

હવે મજા આવી જવાની છે...
આખા પરિવારે મળી એક માણસ દોરવાનો છે... જેમાં...
પપ્પા - માથું દોરશે, મમ્મી - પેટનો ભાગ દોરશે,
ચીંટુ - પગ દોરશે, ચીંટી - હાથ દોરશે અને
હા... કપડાં પહેરાવવાનું ન ભૂલતા... જોઈએ કેવો માણસ બને છે?... પૃથ્વી લોકનો કે ભૂત લોકનો...!!



## “ભેગા બેસી હસીએ...”

હવે, આખો પરિવાર ભેગા બેસીશું... અને લીંક દબાવી એક Funny Video માણીશું... જો જો ! હસતા હસતા દાંત પડી ન જાય...



https://bit.ly/2VX37f7

## “ગયું ભેજુ કામથી...”

જોઈએ આજે કોનું મગજ ચકરાવે ચઢે છે...??
નીચે આપેલી Puzzle Solve કરી બતાવો તો ખરા...

આડી હરોળ, ઊભી હરોળ ને ત્રાંસી હરોળ; જ્યાંથી ગણો ત્યાંથી ત્રણેય આંકડાનો સરવાળો ૨૧ કરવાનો છે. અને તે માટે ૩ થી ૧૧ આંકડામાંથી ગમે તેનો એકવાર ઉપયોગ કરી શકો. બે આંકડાથી શરૂઆત કરી છે... તમારે કોયડો પૂરો કરવાનો છે.

| | | |
|---|---|---|
| | | ૮ |
| | | |
| ૬ | | |

પહેલી હરોળ: ૪,૯,૮ / બીજી હરોળ: ૧૧,૭,૩ / ત્રીજી હરોળ: ૬,૫,૧૦

## “મને ભેગા કરો...”

બોલાવી લો આખા પરિવારને... ભેગા થઈ રમત રમીએ... લીંક દબાવો અને રમત રમો...

https://bit.ly/2KvOcmX



## “મજા આવી ગઇ...”




બાળમિત્રો, એક જબરદસ્ત રમત હાજર છે... લીંક દબાવો અને રમત રમો...

https://bit.ly/2zvRSCV

## “યોગીજીની જીવનભાવના”


બાળમિત્રો ! યોગીજી મહારાજની જીવનભાવનાનાં બે વાક્યો કોઇએ વચ્ચેથી જુદા કરી નાખ્યાં છે. જલ્દીથી તેને જોડી દો. થોડું વિચારશો, તો કંઈક લીંક પણ હાથમાં આવી જશે.



# "My Guru, My Life"

આજે સુંદર મજાનો વિડીયો જોઈએ... જેમાં બાળકોએ સ્વામીશ્રીને થોડા પ્રશ્નો પૂછ્યા... પણ જવાબ Action માં માંગ્યો છે... સ્વામીશ્રીએ પણ ખૂબ જ સુંદર જવાબ આપ્યા છે... દબાવો લીંક અને જલ્દીથી જવાબ સાંભળતા સાંભળતા સ્વામીશ્રીના દર્શન કરો...

https://bit.ly/2KAcUT2



# ‘‘અજબના કપડાં’’

બાળમિત્રો, આપ સૌ માટે એક ચેલેન્જ મૂકવામાં આવી હતી કે ‘પસ્તીમાંથી કપડાં બનાવો’ ઘણાં બધા બાળમિત્રોએ ખૂબ જ સારી રીતે તે ચેલેન્જ પાર પાડી છે... આવો, તે બાળમિત્રોએ બનાવેલા કપડાં જોઈએ..




























Jenisha jignesh
Vadher, Bharuch


suthar Preya Manishkumar,
Himmatnagar


jivika keshvi
mumbai


KAZUMI KHOONT




Rudra & Aagnya Family
Kuwait


Kanishka J Vadher,
Bharuch


shubham joshi
jamnagar


Sahaj
mukeshbhai
darji
Mumbai


rathod mansi
paper cloths


Paper Doll
Stuti Modi
sidhpur


Kirtan K. Sha
Ahmedabad

## Story Time

# અંધારુ ધોકાવીને કાઢ્યું



એક નાનકડું ગામ હતું. આ ગામમાં કેટલાક અભણ માણસો રહે. તેમનામાં ઝાઝી બુદ્ધિ હતી નહીં. એક દિવસ તે બધા મૂરખાઓ ભેગા થયા અને વાતો કરવા લાગ્યા, 'અલ્યા... ! આ માળું અંધારું સાંજ પડે ને રોજ આપણા ઘરમાં ઘૂસી જાય છે !... આજે તો બધા તૈયાર રહેજો. અને જો... જો... અંધારું ઘરમાં ઘૂસી ન જાય...!'

એક જણાએ લાકડી લીધી. બીજાએ લૂગડાં ધોવાનો ધોકો ઝાલ્યો. ત્રીજાએ સૂપડું લીધું. અને આમ બધા અંધારાને રોકવા માટે તૈયાર થયા.

બરાબર સાંજના સાડા છ વાગ્યા અને બધાએ સાંજનું જમવાનું પતાવી દીધું. પછી ડૂબતા સૂરજ સામે જોઈને બેસી અંધારાની રાહ જોવા લાગ્યા.





ધીરે-ધીરે સૂરજ ડૂબી ગયો. એક માણસ ઘરમાં પાણી પીવા ગયો. જેવો તે ઘરમાં ઘૂસ્યો અને તેણે જોયું કે અંધારું તો ઘરમાં ક્યારનુંય ઘૂસી ગયું હતું...! તે બૂમો પાડતો-પાડતો દોડતો બહાર નીકળ્યો.

**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

'અલ્યા મૂરખાઓ...! અહીં બહાર શું બેસી રહ્યા છો... ઊઠો... ઊઠો... આ અંધારું તો ક્યારનુંય ઘરમાં ઘૂસી ગયું છે...' પછી તો બધાએ લાકડી, ધોકો વગેરે પોતપોતાનાં હથિયાર ઉપાડ્યાં અને દોડ્યા ઘરમાં. પછી 'ભાગ અંધારા ભાગ અહીંથી !' એમ બોલતા જાય અને લાકડીઓ, ધોકા વીંઝતા જાય અને મારતા જાય...





આમ ને આમ આખી રાત ચાલ્યું. ઘરનાં બધાં વાસણ ફૂટી ગયાં. સામાન તૂટી ગયો. કેટલાકને માથામાં વાગ્યું પણ ખરું... આખરે સવાર પડ્યું. સૂરજ ઊગ્યો અને અંધારું દૂર થયું. બધા મૂરખાઓ ખુશ-ખુશ થઈ ગયા. અને મૂછો આંબળીને કહેવા લાગ્યા, 'આખરે અંધારાને મારી-મારીને ભગાડી દીધું ને...!!'

એક સાધુ-મહારાજ ત્યાંથી પસાર થયા. તેમને આ મૂરખ લોકોની વાત સાંભળી હસવું આવ્યું. સાધુ મહારાજ તેમને સમજાવીને કહેવા લાગ્યા, 'અલ્યા મહાપુરુષો ! આ અંધારું તમારા ભગાડવાથી ભાગ્યું નથી, પણ આ પ્રકાશ ફેલાવતો સૂરજ ઊગ્યો તેથી દૂર થયું છે.' બધા મૂરખાઓ એકબીજા સામે મોં ફાડીને જોતા રહ્યા.




**બોધ : ગુરુ થકી જીવનમાં જ્યારે જ્ઞાનનો પ્રકાશ રેલાય છે, ત્યારે અજ્ઞાનરૂપી અંધારું સદાયને માટે ચાલ્યું જાય છે.**

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# Half-Golden Mongoose!

A great sage lived in the forest. He was very compassionate. Anyone who came to his ashram for help was never turned away.


One day, he had just sat down to eat when he saw another rishi walking his way.








The sage had travelled far and wide to gather his food. But how could he turn away someone in need. He gave up his all his food to the visiting rishi. The guest had his meal, thanked the sage and left on his way.




Just then, a mongoose happened to pass by. Accidently, he walked through the leftovers of that visiting rishi. The mongoose was shocked! Half of his body had turned to gold! From then on, the mongoose visited every sacrifice or auspicous event and walked through the waste, but he never turned to gold.

**Friends, today you have to prepare this story and present it to the parents.**

Around the same time, the Pandavs held a great yagna and fed thousands of Brahmins. The mongoose thought this was his chance! Surely he would turn to gold. He rolled around in all the leftovers. Yet, nothing happened!








He was upset. He marched up to the Pandavs and said, "You're yagna is not half as pious as that lone sage in the woods." He told them the whole story and the Pandavs were left thinking.

They realised the sage's sacrifice was greater because he had given it with the pious intention to serve - not to gain praise. Also, he had given something he had earned with this own efforts. They had given riches they had taken from another king.




**Remember, you have to perform this story in front of Mom and Dad.**



























**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

https://bit.ly/3cMvaEL



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ